પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૪ ૧૪ જાન્યુઆરી, ૨૦૧૭, શનિવાર ; પોષ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૨૩.૬ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૯ ટકા

# સપાની 'સાઈકલ'નો ચુકાદો અનામત

## બંને જુથોની રજૂઆત ચૂંટણી પંચે સાંભળી લીધી હતી : સમાધાનની શક્યતાના પગલે ચુકાદો અનામત રહ્યાની રાજકીય વર્તુળોમાં ચર્ચા

નવી દિલ્હી, તા.૧૩

સમાજવાદી પક્ષના નિશાન અંગે બંને પક્ષના દાવા બાદ ચૂંટણી પંચે ચૂકાદો અનામત રાખ્યો હતો. છેલ્લા બે અઠવાડિયાથી સમાજવાદી પક્ષમાં ઉભી તિરાડ સર્જાઈ હતી. બાપ-દીકરાની લડાઈથી જાણીતી બનેલ જુથબંધી પરાકાષ્ટાએ પહોંચતા પક્ષના નામ અને નિશાન અંગે બંને જુથો તરફથી દાવા કરાયા હતા. ચૂંટણી પંચે બંને જૂથોને સાંભળ્યા બાદ આજે અર્થાત ૧૩મીએ ચુકાદો જાહેર કરવાનું જણાવ્યું હતું પરંતુ આજે પણ ચુકાદો અનામત રખાયો હતો.




અગાઉ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મુલાયમસિંહ યાદવે પંચ સમક્ષ દાવો કર્યો હતો કે, પક્ષનો હું પ્રમુખ છું અને મારી સહીથી જ ઉમેદવારોને નિશાનની ફાળવણી થાય છે, અને એ જ સમાજવાદી પક્ષ સાચો છે એટલે સાઈકલનું નિશાન અમને મળવું જોઈએ. તો બીજી તરફ અખિલેશ જુથના રામગોપાલ યાદવે સંસદ સભ્યો, ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યોની બેતૃતિંયાશ બહુમતિ ધરાવતી સહીઓ સાથેનો પત્ર ચૂંટણી પંચને સુપરત કર્યો હતો. અને પક્ષના બંધારણ મુજબ બેતૃતિયાંશ બહુમતિ એટલે પક્ષના સત્તાધિકારનું જુથ ગણવું જોઈએ. આમ બંને પક્ષે નામ-નિશાન માટે ખેંચતાણ છે. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ શનિ-રવિની રજામાં સમાધાન થવાની શક્યતા હોવાથી જ ચુકાદો અનામત રખાયાની ચર્ચા ચાલી રહી છે.

# ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર

નવી દિલ્હી,તા. ૧૩

ઉત્તરાખંડમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળનાર છે. આ વખતે કોંગ્રેસ વર્તમાન મુખ્યપ્રધાન હરીશ રાવત પર આધાર રાખીને આગળ વધનાર છે. જ્યારે ભાજપ સામૂહિકરીતે આગળ વધનાર છે. તે કોઈ ચહેરાને સામે રાખીને આગળ વધવા માટે તૈયાર નથી. ભાજપ સામૂહિક નેતૃત્વના આધાર પર ચૂંટણી લડવા માટે ઈચ્છુક છે. હકીકતમાં ભાજપ દ્વારા તો ઉત્તરાખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર જ મત માંગવામાં આવી રહ્યા છે. આવી રીતે ઉત્તરાખંડમાં હરીશ રાવતના નેતૃત્વમાં કોંગ્રેસ અને મોદી તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નેતૃત્વમાં નેશનલ ભાજપ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળનાર છે. ભાજપને કોઈ એક ચહેરા પર દાવ લગાવતા ડર લાગેછે. ભાજપને કોઈ ચહેરાને રજૂ કરવાની સ્થિતીમાં બળવો થવાનો ભય સતાવી રહ્યો છે. ભાજપની પાસે અહી કુલ ચાર પૂર્વ મુખ્યપ્રધાનો છે. સાથે સાથે અન્ય પણ એવા નેતા છે જે મુખ્યપ્રધાન તરીકે દાવેદાર રૂપે પોતાને ગણી રહ્યા છે. અહીં ભાજપ આઠ ચહેરા સાથે પોસ્ટર બેનર લગાવવા તૈયાર છે.

ભાજપ પોતાના ચૂંટણી પ્રચારમાં હરિશ રાવતને જ મેદાનમાં ઉતારનાર છે. ભાજપ મોદીના નામ પર મત માંગનાર છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા આક્રમક રીતે ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. ભાજપ તરફથી મોદી આક્રમક પ્રચાર કરનાર છે.

**ગાંધીનગર સમાચાર**

## અંક બંધ

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૧૭ને શનિવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૧૭ને રવિવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

# તો ફરી સર્જીકલ હુમલા : આર્મી ચીફ

નવી દિલ્હી,તા. ૧૩

નવા આર્મી ચીફ બીપીનચંદ્ર રાવતે સેના પ્રમુખ બન્યા બાદ આજે પ્રથમ પત્રકાર પરિષદ યોજી હતી જેમાં તેઓએ અસંતુષ્ટ જવાનોના વિડિયો, પાકિસ્તાન તરફથી યુદ્ધ વિરામના સતત ભંગ, ઈસ્ટર્ન આર્મી કમાન્ડના અસંતુષ્ટ જવાનો સાથે મતભેદો સહિતના તમામ મુદ્દા ઉપર વાતકરી હતી. તેમણે કહ્યું હતું કે, અસંતુષ્ટ જવાનોની ફરિયાદને લઈને સોશિયલ મિડિયા ઉપર જવાની જરૂર નથી. તેમની સમસ્યા સાંભળવા માટે વધુ સારી સુવિધા બનાવવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, પડોશી દેશ તરફથી વારંવાર યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં આર્મી ચીફે કહ્યું હતું કે, હાલના દિવસોમાં યુદ્ધ વિરામ ભંગના કેસોમાં ઘટાડો થયો છે. જો યુદ્ધ વિરામ ભંગ જારી રહેશે તો સર્જીકલ સ્ટ્રાઈક જેવા પગલા ફરી લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રસ્તો ભુલી જઈને એલઓસીની બીજી બાજુએ પહોંચી ગયેલા ભારતીય જવાનની મુક્તિના સંદર્ભમાં સેનાના વડાએ કહ્યું હતું કે, પાકિસ્તાન સરકારે કહ્યું છે કે, જવાન તેમની પાસે છે. આર્મી ચીફે કહ્યું હતું કે, જવાનને પરત લાવવાની એક પ્રક્રિયા હોય છે તેને પાળવામાં આવશે.











